# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૫ તા.૧૬-૦૭-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- શાળા માહિતી બાબત.

સંદર્ભ :- નં : મભય/અશ/શાળા માહિતી/૨૦૨૦/જા.નં. તા.૧૫-૦૭-૨૦૨૦.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, મધ્યાહન ભોજન યોજના અન્વયે શાળાના બાળકોની સંખ્યાના પ્રમાણમાં હેલ્પર્સ રાખવાના હોવાથી નવા શૈક્ષણિક સત્ર અન્વયે નીચે મુજબની માહિતી તમારા ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીને તા.૧૮-૭-૨૦૨૦ સુધીમાં શ્રુતી ફોન્ટમાં એકસેલ શીટમાં મોકલી આપશો.

| શાળાનું નામ તથા ડાયસ કોડ નંબર | બાળકોની સંખ્યા | હેલ્પર્સની સંખ્યા | હેલ્પર્સનું નામ, સરનામું | મુખ્ય શિક્ષકશ્રીનું નામ | મુખ્ય શિક્ષકશ્રીનો મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|
| | | | | | |

તા.૧૬-૦૭-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર નં.૩૫- A તા.૧૬-૦૭-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- એકમ કસોટી નોટબુકનું વિતરણ કરવા બાબત.

સંદર્ભ:- એસ.એસ.એ./ક્યુ.ઈ.સેલ/૨૦૨૦/૨૧૭૬૦-૭૯૮ તા.૧૫-૦૭-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધો.૩ થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ગુજરાત શાળા પાઠયપુસ્તક મંડળ ગાંધીનગર દ્વારા એકમ કસોટીની નોટબુક આપવામાં આવેલ છે.આપની શાળાને ધો.૩ થી ૮ના બાળકો માટે એકમ કસોટીની નોટબુક સી.આર.સી. પાસેથી મેળવી તમામ બાળકો સુધી વિતરણ કરવાની રહેશે.શાળા કક્ષાએ એકમ કસોટીની નોટબુક વિતરણનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.દરેક બાળકનું સમય મર્યાદામાં એકમ કસોટીની નોટબુક મળી જાય તે સુનિશ્ચિત કરવું.

તા. ૧૬-૦૭-૨૦૨૦

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૫- B તા.૧૬-૦૭-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- શાળાઓમાં 'કિચન ગાર્ડન' વિકસાવવા બાબત - વર્ષાઋતુ વર્ષ-૨૦૨૦
સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૦/૩૧૨૩-૩૨૦૯ તા.૧૪-૦૭-૨૦૨૦.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, શાળાઓમાં બાળકોના પોષણ માટે વિવિધ પ્રકારની જડીબુટ્ટી, શાકભાજી વાવીને મધ્યાહન ભોજન બનાવવા માટે તેનો ઉપયોગ કરી બાળકોમાં પોષણની માત્રા વધારવા, 'સુપોષિત ભારત વર્ષ-૨૦૨૨' ના સ્વપ્નને સિદ્ધ કરવા માટે રાજ્ય સરકારશ્રી દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ ઝુંબેશરૂપે હાથ ધરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૦માં 'કિચન ગાર્ડન' નો ફ્લેગશિપ કાર્યક્રમમાં સમાવેશ થયેલ છે.

હાલમાં રાજયમાં વર્ષાઋતુ સક્રિય છે, નવા છોડ, રોપાઓ ઉછેરવા માટે અનુકુળ વાતાવરણ હોવાથી આ સાથે સામેલ સંદર્ભિત પત્રનો અભ્યાસ કરી શાળામાં 'કિચન ગાર્ડન' બનાવવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભ દર્શિત પત્ર

તા.૧૬-૦૭-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૦/૩૧૨૩-૩૨૦૯
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ~~૧૦~~ ૧૪/૦૭/૨૦૨૦

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ-** શાળાઓમાં "કિચન ગાર્ડન" વિકસાવવા બાબત.
વર્ષાઋતુ- વર્ષ- ૨૦૨૦

**સંદર્ભઃ-** મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ- મભય/અમલ/કિ.ગા/૨૦૨૦/૮૪૯૫-૮૫૬ તા. ૦૪/૦૭/૨૦૨૦

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, શાળાઓમાં બાળકોના પોષણ માટે વિવિધ પ્રકારની જડીબુટ્ટી, શાકભાજી વાવીને મધ્યાહન ભોજન બનાવવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે અને બાળકો માટે તાજુ ભોજન તૈયાર થાય, જેથી બાળકોમાં પોષણની માત્રા વધે અને બાળકોનું સ્વાસ્થ્ય સારૂ રહે.

"સુપોષિત ભારત વર્ષ-૨૦૨૨" ના સ્વપ્નને સિધ્ધ કરવા માટે રાજય સરકારશ્રી દ્વારા જુદી જુદી પ્રવૃત્તિઓ ઝુંબેશરૂપે હાથ ધરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૦ માં "કિચન ગાર્ડન" ને ફ્લેગશિપ કાર્યક્રમમાં સમાવેશ થયેલ છે. તમામ શાળાઓમાં વર્ષ ૨૦૨૦-૨૧ માં "કિચન ગાર્ડન" વિકસાવવાના થાય છે. "કિચન ગાર્ડન" નો હેતુ "શાળાના પરિસરમાં મધ્યાહન ભોજન યોજનાના લાભાર્થી બાળકોને વધારે સારૂ પોષણ આપવામાં ઉપયોગી ઋતુ પ્રમાણે શાકભાજીના છોડ અને ફળાઉ ઝાડનું સંવર્ધન કરવાનો અને તેનો વિનામૂલ્યે ઉપયોગ મધ્યાહન ભોજન યોજનામાં કરવાનો છે."

ગુજરાત રાજયમાં હાલમાં વર્ષાઋતુ સક્રિય છે. નવા છોડ, રોપાઓ ઉછેરવા માટે હાલ અનુકૂળ વાતાવરણ છે. તેથી પ્રત્યેક શાળામાં ઉપલબ્ધ જગ્યા પ્રમાણે મધ્યાહન ભોજન યોજનામાં વપરાશ થઇ શકે તેવા શાકભાજીના છોડ જેમ કે, રીંગણ, ટામેટા, દૂધી, ધાણા મરચાં, આદું, મીઠો લીમડો તથા સરગવા, લીંબુ, જામફળ, દાડમ, ચીકુ જેવા દીર્ઘઆયુ રોપઓનું વાવેતર અને કાળજીપૂર્વક ઉછેર થાય તે માટે હાલની આ વર્ષાઋતુનો સમય અનુકૂળ છે. સબબ આ કામગીરી ઝુંબેશ કરવા જણાવેલ છે.

આ સાથે વર્ષ ૨૦૨૦-૨૧ માં જિલ્લાવાર "કિચન ગાર્ડન" નો લક્ષ્યાંક દર્શાવતું પત્રક સામેલ છે. જે નિયત સમયગાળામાં પૂર્ણ કરવાનું રહેશે. ઉકત મધ્યાહન ભોજન યોજનાની કચેરીના તા.૦૪/૦૭/૨૦૨૦ ના પત્રને ધ્યાને લઇ આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓમાં આ અંગે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

સંયુકત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાનાઃ-**

- સંયુકત કમિશનરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, બ્લોક નં- ૧૪/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

Scanned with CamScanner

ક્રમાંક:મભય/અમલ/કિ.ગા/૨૦૨૦/૬૫૧૫-૬૬૬

કમિશ્નરશ્રીની કચેરી

મધ્યાહ્ન ભોજન યોજના

બ્લોક નં ૧૪/૧,ડો.જીવરાજ મહેતા ભવન

ગાંધીનગર તા.૦૪/૦૭/૨૦૨૦

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ. રા. ગાંધીનગર
0 8 JUL 2020
આવક નં. ૨૦૦૬૬
શા.: સંકલન

JUL 2020

પ્રતિ

નાયબ કલેક્ટરશ્રી,

મધ્યાહ્ન ભોજન યોજના,

તમામ જિલ્લા/કોર્પોરેશન

વિષય :- શાળાઓમાં "કિચન ગાર્ડન" વિકસાવવા બાબત.

વર્ષાઋતુ - વર્ષ -૨૦૨૦

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુ કે, શાળાઓમાં બાળકોના પોષણ માટે વિવિધ પ્રકારની જડીબુટ્ટીઓ, ફળો, શાકભાજીના વૃક્ષો જેમ કે રીંગણ, ટામેટાં, દૂધી, ધાણા, મરચાં, આદુ, મીઠો લીમડો તથા સરગવા, લીંબુ, જામફળ, દાડમ, ચીકુ વગેરે વૃક્ષો શાળાઓમાં ઓર્ગેનિક શાકભાજી વાવીને મધ્યાહ્ન ભોજન બનાવવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે અને બાળકો માટે તાજુ ભોજન તૈયાર થાય, જેથી બાળકોમાં પોષણની માત્રા વધે અને બાળકોનું સ્વાસ્થ્ય સારૂ રહે.

"સુપોષિત ભારત વર્ષ-૨૦૨૨" ના સ્વપ્નને સિધ્ધ કરવા માટે રાજ્ય સરકારના અનેક વિભાગો દ્વારા જુદી જુદી પ્રવૃતિઓ ઝુંબેશ રૂપે હાથ ધરવામાં છે તે તમામ શાળાઓમાં વર્ષ ૨૦૨૦-૨૧માં "કિચન ગાર્ડન" વિકસાવવાના છે.

"સુપોષિત ભારત-વર્ષ-૨૦૨૨" ના સ્વપ્નને સિધ્ધ કરવા માટે રાજ્ય સરકારના અનેક વિભાગો દ્વારા જુદી જુદી પ્રવૃતિઓ ઝુંબેશરૂપે હાથ ધરવામાં આવેલ છે. પ્રત્યેક શાળામાં "કિચન ગાર્ડન"નો વર્ષ-૨૦૨૦ ના ફ્લેગશિપ કાર્યક્રમમાં સમાવેશ થયેલ છે. કિચન ગાર્ડનનો હેતુ, "શાળાના પરિસરમાં મધ્યાહ્ન ભોજન યોજનાના લાભાર્થી બાળકોને વધારે સારૂ પોષણ આપવામાં ઉપયોગી ઋતુ પ્રમાણે શાકભાજીના છોડ અને ફળાઉ ઝાડનું સંવર્ધન કરવાનો અને તેનો વિનામુલ્યે ઉપયોગ મધ્યાહ્ન ભોજન યોજનામાં કરવાનો છે".

Scanned with CamScanner

ગુજરાત રાજ્યમાં હાલમાં વર્ષાઋતુ સક્રિય છે. નવા છોડ, રોપાઓ ઉછેરવા માટે હાલ અનુકૂળ વાતાવરણ છે. તેથી પ્રત્યેક શાળાઓમાં ઉપલબ્ધ જગ્યા પ્રમાણે મધ્યાહન ભોજન યોજનામાં વપરાશ થઈ શકે તેવા શાકભાજીના છોડ ઉદાહરણ તરીકે, રીંગણ, ટામેટાં, દૂધી, ધાણા, મરચાં, આદૂં, મીઠો લીમડો તથા સરગવા, લીંબુ, જામફળ, દાડમ, ચીકુ જેવા દીર્ઘઆયુ રોપાઓનું વાવેતર અને કાળજીપૂર્વક ઉછેર થાય તે માટે હાલની આ વર્ષા ઋતુનો સમય ખુબજ અનુકૂળ છે. સબબ આ કામગીરી ઝુંબેશ સ્વરૂપે કરવા વિનંતી છે.

પ્રત્યેક શાળાના કિચન ગાર્ડનમાં ઉપયોગી છોડ, રોપાઓનું વાવેતર થાય તે જરૂરી છે. આ સાથે સામેલ પત્રક મુજબનું લક્ષ્યાંક નિયત સમયગાળામાં પૂર્ણ કરી અત્રેની વડી કચેરીને જાણ કરવાની રહેશે. વર્ષ ૨૦૨૦-૨૧માં જિલ્લાવાર કિચન ગાર્ડનનો લક્ષ્યાંક દર્શાવતું પત્રક સામેલ છે.

સંયુક્ત કમિશનર

બિડાણ- પત્રક

મધ્યાહન ભોજન યોજના

ગાંધીનગર

નકલ સવિનય રવાના -

પ્રતિ,

- સમગ્ર શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર. જાણ તથા જરૂરી કાર્યવાહી માટે સૂચનાઓ આપવા સારૂ.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, જાણ તથા જરૂરી કાર્યવાહી માટે સૂચનાઓ આપવા સારૂ.
- શિક્ષણ અધિકારીશ્રી, તમામ જિલ્લા. જાણ તથા જરૂરી કાર્યવાહી માટે તમામ શાળાઓને સૂચનાઓ પરિપત્રિત કરવા સારૂ.

Scanned with CamScanner

[Mid-Day Meal Scheme]



# Annual Work Plan and Budget 2020-21

## Table AT-10 E: Information on Kitchen Gardens

**State : GUJARAT**

During 01.04.2019 to 31.03.2020

| S.No. | Name of District | Total no. of institutions | Total institutions where setting up of kitchen garden is possible | No. of institutions already having kitchen gardens | No. of institutions where setting up of kitchen garden is in progress | No. of institutions where setting up of kitchen garden is proposed during 2020-21 | Name of the Krishi Vigyan Kendra (KVK) |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 1 | Ahmedabad | 1251 | 1251 | 186 | 1 | 444 | - |
| 2 | Amreli | 836 | 836 | 123 | 2 | 297 | - |
| 3 | Anand | 1091 | 1091 | 483 | 5 | 227 | - |
| 4 | Arvalli | 1274 | 1274 | 562 | 7 | 266 | - |
| 5 | Banaskantha | 2671 | 2671 | 1002 | 8 | 647 | - |
| 6 | Bharuch | 953 | 953 | 227 | 12 | 296 | - |
| 7 | Bhavnagar | 1101 | 1101 | 146 | 15 | 400 | - |
| 8 | Botad | 252 | 252 | 83 | 0 | 66 | - |
| 9 | Chhotaudepur | 1306 | 1306 | 453 | 11 | 335 | - |
| 10 | Dahod | 1722 | 1722 | 194 | 0 | 643 | - |
| 11 | Dang | 515 | 515 | 378 | 0 | 32 | - |
| 12 | Devbhumi Dwarka | 648 | 648 | 154 | 0 | 201 | - |
| 13 | Gandhinagar | 679 | 679 | 133 | 0 | 225 | - |
| 14 | Gir Somnath | 572 | 572 | 277 | 16 | 107 | - |
| 15 | Jamnagar | 785 | 785 | 104 | 0 | 285 | - |
| 16 | Junagadh | 822 | 822 | 435 | 0 | 135 | - |
| 17 | Kheda | 1445 | 1445 | 730 | 0 | 256 | - |
| 18 | Kutch | 1892 | 1892 | 176 | 13 | 725 | - |
| 19 | Mahisagar | 1144 | 1144 | 452 | 0 | 265 | - |
| 20 | Mehsana | 1050 | 1050 | 906 | 0 | 9 | - |
| 21 | Morbi | 639 | 639 | 90 | 11 | 229 | - |
| 22 | Narmada | 698 | 698 | 84 | 0 | 258 | - |
| 23 | Navsari | 742 | 742 | 152 | 7 | 243 | - |
| 24 | Panchmahal | 1493 | 1493 | 327 | 0 | 478 | - |
| 25 | Patan | 876 | 876 | 165 | 0 | 294 | - |
| 26 | Porbandar | 329 | 329 | 132 | 8 | 75 | - |
| 27 | Rajkot | 1050 | 1050 | 132 | 9 | 385 | - |
| 28 | Sabarkantha | 1390 | 1390 | 517 | 0 | 339 | - |
| 29 | Surat | 1404 | 1404 | 309 | 0 | 449 | - |
| 30 | Surendranagar | 954 | 954 | 371 | 14 | 224 | - |
| 31 | Tapi | 819 | 819 | 156 | 0 | 273 | - |
| 32 | Vadodara | 1393 | 1393 | 124 | 2 | 536 | - |
| 33 | Valsad | 992 | 992 | 453 | 0 | 200 | - |
| | TOTAL | 34782 | 34788 | 10212 | 141 | 9844 | |